Extra No. 197

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, JULY 24, 2026 / SRAVANA 02, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધાંઃ-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી/જાહેરનામું/૨૮૯૯/૨૦૨૬ તા.૨૧/૦૭/૨૦૨૬

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: મકમ/વશી/૧૨૪૧ થી ૧૨૬૬/૨૦૧૦, તા.૧૬/૦૮/૨૦૧૦.

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

નં.એમએજી/તાજપુરા-જાહેરનામું/વશી/૨૧૨૨ થી ૨૧૩૨/૨૦૨૬.-વંચાણે લીધેલ પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ ગોધરાના તા.૨૧/૦૭/૨૦૨૬ ના અ.નં.(૧) ના પત્રથી પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના તાજપુરા નારાયણધામ આશ્રમ ખાતે આગામી તા.૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ગુરૂ પૂર્ણિમા તહેવાર ઉજવવામાં આવનાર છે. આ તહેવારમાં મોટી સંખ્યામાં ભકતો દર્શનાર્થે આવતા હોય છે. આ ભકતજનો પોતાના ખાનગી વાહનો લઈને આવતા હોય છે તેમજ ખાનગી વાહન ચાલકો પણ યાત્રાળુઓને તાજપુરા ખાતે લઈને આવતા જતા હોય છે. જેથી એકજ રોડ ઉપર વાહનોની અવર-જવરના કારણે ટ્રાફીક નિયમન ખોરવાય જાય છે. ગત વર્ષે આ તહેવાર દરમ્યાન દોઢથી બે લાખ જેટલા ભકતજનો આવેલ હતાં. ચાલુ વર્ષે પણ આટલા ભકતજનો આવવાની શકયતા હોય, અને આ દરમ્યાન વાહન વ્યવહાર ખોરવાય જવાની શકયતા રહેલી છે. જેથી આ સમસ્યાને દુર કરવા સારૂ તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી યોગ્ય રીતે થાય તે હેતુસર ચાલુ વર્ષે તા.૨૯/૦૭/૨૦૨૬ ના કલાક ૦૦:૦૦ થી કલાક ૨૪:૦૦ સુધી મોજે.હાલોલ તાલુકાના વાંસેતી ગામની વાંસેતી ચોકડીથી તાજપુરા નારાયણ બાપુના આશ્રમ સુધી ફકત આવવા માટે તેમજ તાજપુરા નારાયણ બાપુના આશ્રમથી ગોપીપુરા રોડ થઈ હાલોલ/વડોદરા તરફ ફકત પરત જવા સારૂ ગોપીપુરા ચોકડી સુધીનું એકતરફી રોડનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ઉકત દરખાસ્તની હકીકત ધ્યાને લેતાં હાલોલ તાલુકાના તાજપુરા નારાયણધામ આશ્રમ ખાતે આગામી તા.૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ગુરૂ પૂર્ણિમાના તહેવારની ઉજવણી નિમિત્તે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવનાર હોઈ ટ્રાફિક નિયમન તેમજ કાયદો વ્યવસ્થા જાળવણી એક તરફી રસ્તો કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના વંચાણે લીધેલ અ.નં.(૨)ના હુકમથી સરકારશ્રીના મહેસૂલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળની જિલ્લા મેજીસ્ટ્રટશ્રીની સત્તા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું જે.જે.પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, આથી ફરમાવુ છું કે, તા.૨૯/૦૭/૨૦૨૬ ના ૦૦:૦૦ કલાકથી ૨૪:૦૦ કલાક સુધીના સમયગાળા માટે હાલોલ તાલુકાના વાંસેતી ગામની ચોકડીથી તાજપુરા નારાયણધામ આશ્રમ સુધી ફકત આવવા માટે તેમજ તાજપુરા નારાયણધામ આશ્રમથી ગોપીપુરા રોડ થઈ હાલોલ/વડોદરા તરફ વાહન વ્યવહાર ફકત પરત જવા સારૂ રસ્તો એકતરફી રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૨૩મી-જુલાઈ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 15:37:09 IST